## ડૉ. અશોક ચાવડા ‘બેદિલ’

# કવિતાથી કૉમ્યુનિકેશન કરતા કવિ...

**પોતાનાં અનેકવિધ સર્જનો માટે વિભિન્ન પારિતોષિક પામનારા આ કવિ તાજેતરમાં રાષ્ટ્રપતિના આમંત્રણથી રાષ્ટ્રપતિ ભવનમાં વિશેષ મહેમાન બનીને પખવાડિયું રહી આવ્યા...**

■ **જ્વલંત** છાયા (રાજકોટ)

૧૯૯૩ના માર્ચ મહિનાની ૧૨ તારીખ. એસએસસીની પરીક્ષા ચાલે. એ દિવસે પેપર આપવા જવામાં એ વિદ્યાર્થીને મોડું થયું. કેન્દ્ર પર પહોંચ્યો ત્યાં પરીક્ષા શરૂ થઈ ગઈ હતી અને બસ, આટલી વાતમાં કરિયરને મોટું નુકસાન થઈ ગયું. એ વિદ્યાર્થીએ ફર્સ્ટ ક્લાસ ગુમાવી દીધો... ઈચ્છા હતી કે ડૉક્ટર બનવું, પરંતુ પછી તો લાઈન બદલાઈ ગઈ અને કૉમર્સના વિષય સાથે આગળ ભણવાનું નક્કી થઈ ગયું.

*પરીક્ષામાં મોડા પડવાનું કારણ શું? ટ્રાફિકજામ? હુલ્લડ? અકસ્માત? પોતાની કે કોઈની બીમારી?*

ના, એ ઘટના એમ બની હતી કે રેડિયો સાંભળતાં સાંભળતાં એ વાંચતા હતા અને એમાં *બાઝાર* ફિલ્મની ગઝલ પ્રસારિત થઈઃ *દિખાઈ દિએ યૂં...* અને એમાં એક શબ્દ આવ્યો *પરશતીસ.* બસ, આ શબ્દનો અર્થ શું? એ શોધવામાં રહ્યા એમાં થયું મોડું અને ધોરણ ૧૦માની પરીક્ષામાં મોડા પડ્યા. આ વિદ્યાર્થીનું નામ અશોક ચાવડા.


અલબત્ત, એ પછી પીએચ.ડી. કરીને ડૉક્ટર તો બન્યા. એમણે અત્યાર સુધીમાં અડધો ડઝનથી વધારે ડિગ્રી તો મેળવી છે સાથે કવિતાસંગ્રહ *ડાળખીથી સાવ છૂટાં* માટે દિલ્હી સાહિત્ય અકાદમીનો યુવા સાહિત્ય પુરસ્કાર-૨૦૧૩ તથા ગુજરાત સરકારનો દાસી જીવણ એવૉર્ડ-૨૦૧૩-૧૪ એમને મળ્યા છે. વળી, ગુજરાત સાહિત્ય અકાદમીના યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૨ તેમ જ વર્ષ ૨૦૧૨નાં શ્રેષ્ઠ પુસ્તકો પૈકી *પગરવ તળાવમાં* કવિતા વિભાગ અને *પીટ્યો અશ્કો* હાસ્યવ્યંગ વિભાગ માટેનાં પારિતોષિકો એમને મળ્યાં છે.

હમણાં માર્ચ, ૨૦૧૭માં આ અશોક ચાવડા પંદર દિવસ ભારતના રાષ્ટ્રપતિ ભવનમાં *રાઈટર્સ ઈન રેસિડન્સ યોજના* અંતર્ગત રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના મહેમાન બનીને રહી આવ્યા. આખા ભારતમાંથી બે લેખકને આ તક મળી હતી. રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતમાં અશોક ચાવડાએ સાહિત્યનાં વર્તમાન પ્રવાહો અને સામાજિક સ્થિતિ અંગે વાત કરી.

અશોક કહે છે કે પ્રણવજી સાહિત્યપ્રેરક અને પ્રોત્સાહક બન્ને છે. અત્યાર સુધી અમે સાહિત્યિક નિસબત સાથે કામ કર્યું છે. હવે ખુદ રાષ્ટ્રપતિએ જ્યારે આટલો રસ લીધો છે ત્યારે દેશ અને સમાજ પ્રત્યેનું મારું ઉત્તરદાયિત્વ વધ્યું છે એમ હું સમજું છું.

૨૩ ઑગસ્ટ, ૧૯૭૮ના રોજ ભાવનગરમાં જન્મેલા અને અમદાવાદમાં ઊછરેલા ડૉ. અશોક ચાવડા જામનગરની *ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં* આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. ચોટીલાના મનડાસર ગામના એક તદ્દન સાધારણ અને સમાજ જેને દલિત કહે છે એવા વર્ગના પરિવારમાંથી એ આવે છે. પોતાના સમાજ અને એવા અનેક પીડિતો, શોષિતોની વેદના એમણે અનુભવી છે, પરંતુ એમનો સૂર ફરિયાદનો નથી, સતત જાતને સાબિત કરવાનો છે. માણસ માત્ર માણસ છે, સમાન છે એવા સત્યને પૅશન-ઉત્કટતાથી પેનમાં ભરીને એ કામ કરી રહ્યા છે અને એથી જ્યાં જ્યાં કાર્યરત રહ્યા ત્યાં જનરલ સીટ પર રહ્યા છે. *જન્મ કોઈ પણ કુળમાં હોય, માણસ હોવાનું મૂળ નથી બદલાતું* એવો સંદેશ આપવાની એમની મથામણ છે.

*બી.કૉમ.* થયેલા અશોકભાઈ પછીથી ઈંગ્લિશ વિષય સાથે બેચલર ઑફ આર્ટ્સ થયા. ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશનમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી અને માસ કૉમ્યુનિકેશનમાં *પીએચ.ડી.* કર્યું. યુજીસી નેટ ક્લિયર કરી. ડિસ્ટિન્ક્શન સાથે *એલએલબી* થયા.




ડિસ્ટિન્ક્શન સાથે એમ.એ. પણ થયા. સાથે ઉર્દૂ અને હિંદી ભાષાના સર્ટિફિકેટ કોર્સ, *સીસીસી પ્લસ*, *જીસીસી* જેવાં નાનાં પ્રમાણપત્રો તો સતત મેળવ્યાં કર્યાં અને સાથે જ કૉમ્યુનિકેશન ને નાટક ને ભવાઈ જેવા કસબની રાજ્યસ્તરની શિબિરો, વગેરે પણ કરી. અભ્યાસ કૉમ્યુનિકેશનનો કર્યો અને કવિતા થકી સમાજ સાથે કૉમ્યુનિકેશન કરે છે.

*અશોકભાઈને ભણ-વા થયો એનું કારણ શું?*

ડૉ. અશોક ચાવડા *ચિત્રલેખા*ને કહે છે કે મારા વડીલોમાં કોઈ આટલું ભણ્યું નથી. મારા પિતા પીતાંબરભાઈ પાંચ ધોરણ પાસ છે. અમદાવાદ *મ્યુનિસિપલ કૉર્પોરેશન*ના એ કર્મચારી રહ્યા છે. માતા હંસાબહેન ક્યારેય શાળાએ ગયાં નથી. ગૃહિણી છે, પરંતુ એમણે અમને ભાઈઓને ભણાવ્યા. મારામાં અભ્યાસની સાથે સાહિત્યની રુચિ જાગી અને નાનપણથી ભણવાની ચોપડીઓના બદલે બીજું બધું વધારે વાંચતો. વાડજની મ્યુનિસિપલ શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું પછી ઈતર વાંચન વધ્યું અને હુંય કાંઈક લખતો થઈ ગયો, જેને હું કવિતા ગણતો... દરમિયાન એસએસસીમાં ફર્સ્ટ ક્લાસ ગુમાવ્યો. ધોરણ ૧૧-૧૨માં સ્થિતિ એ જ રહી. કૉમર્સ લીધું તો આંકડાઓ કરતાં શબ્દોમાં જીવ વધારે ભમે. હું જે લખતો એ ડાયરી એક વાર મારા પિતાના હાથમાં આવી ગઈ અને એમણે પાનાંના ટુકડા કરીને ફેંકી દીધાં... એ ઘટનાએ મને અંદરથી હચમચાવી દીધો અને મેં નક્કી કર્યું કે બહારની દુનિયાને આપણી અંદર ભરવા ભરપૂર ભણવું છે અને અંદરના વિશ્વને બહાર લાવવા સર્જન પણ કરવું છે.


બસ, પછી તો ચાલી સફર અને અશોક ચાવડાના નામની પાછળ એક તરફ વિવિધ અભ્યાસક્રમની ડિગ્રીઓ લાગતી ગઈ તો બીજી તરફ, એક તખલ્લુસ લાગી ગયું *બેદિલ.* કવિતાઓ લખાતી થઈ, ગઝલો-ગીતો એમની કલમથી અવતર્યાં: *કાંઠાઓ રોઈ રોઈને જળને પૂછી રહ્યા, ભૂલી ગયું છે કોણ આ પગલાં તળાવમાં?* જેવા શેર એમણે આપ્યા. ગઝલો લખાઈ અને ૨૦૦૩માં એમણે પ્રથમ ગઝલસંગ્રહ *પગલાં તળાવમાં* આપ્યો.

ગઝલોનો બીજો સંગ્રહ *પગરવ તળાવમાં* આપ્યો. વેદનાથી છલકાતી ગીતરચનાઓનો સંચય *તું કહું કે તમે?* તો હાસ્યકવિતાઓ પણ *પીટ્યો અશ્કો* નામના સંગ્રહમાં આપી. શબ્દોદયમાં આ યુવાસર્જકે કેટલાંક વિવેચન કર્યાં તો *સંક્ષિપ્ત ક્રિયાપદકોશ* એમણે આપ્યો છે. ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે વિદ્યાર્થીલક્ષી સ્પર્ધાત્મક ગ્રંથશ્રેણી પણ લખી છે. આ બધામાં સૌથી ઉલ્લેખનીય બે પુસ્તક છે. એક છે *ગઝલિસ્તાન* અને બીજું *ડાળખીથી સાવ છૂટાં.*



**અશોક ચાવડાનાં પુસ્તકો રસપૂર્વક નિહાળતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.**

*ગઝલિસ્તાન*નો છેડો તો પેલી પરીક્ષામાં મોડો પડ્યો ત્યાં જ અડે છે. અશોક ચાવડા ઉમેરે છે કે શબ્દોના અર્થ ક્યાંકથી ને ક્યાંયથી શોધવાનો ધખારો મને હતો. ઘણી વાર એવું બનતું કે ઉર્દૂ કવિતાઓ વાંચ્યા પછી સમજ ન પડે. શાળાનો અભ્યાસ પૂર્ણ થયો અને કૉલેજમાં ગયો એ પછી રહમત અમરોહી પાસે ઉર્દૂની તાલીમ લેવાનું શરૂ કર્યું. રંતિદેવ ત્રિવેદી, બ્રિજેશ ભટ્ટ જેવા અભ્યાસુઓનો સંગ થયો. અનુવાદ પછી તો ગમતું કામ બની ગયું અને એક વાર મેં કરેલા ગઝલના અનુવાદને ઉર્દૂના મોટા ગજાના સાક્ષર વારિસ અલવી સાહેબે વખાણ્યો. મારો કૉન્ફિડન્સ વધ્યો અને મેં ભારત ને પાકિસ્તાન બન્નેના ખ્યાતનામ ઉર્દૂ શાયરોની રચનાઓનો સમશ્લોકી અનુવાદ ગુજરાતીમાં કર્યો, જેની નોંધ મોટા મોટા સાહિત્યકારોએ લીધી. જાણીતી શાયરા પરવીન શાકિરનાં સમગ્ર ઉર્દૂ સર્જનના અનુવાદ માટે ઈસ્લામાબાદના *પરવીન શાકિર ટ્રસ્ટ* સાથે એમણે કરાર કર્યા છે તો *જ્ઞાનપીઠ* વિજેતા મલયાલમ સાહિત્યકાર ઓ.એન.વી. કુરૂપનો પણ અનુવાદ એ કરી રહ્યા છે.



**પત્ની મધુબહેન-પુત્રી મૈત્રી અને પુત્ર હર્ષિલ સાથે...**

અશોક ચાવડા *બેદિલ* કહે છે કે અભ્યાસ અને સાહિત્યસર્જન બન્ને પ્રક્રિયા વખતે હું સતત સમાજના પીડિત-શોષિત વર્ગની વેદનાને જોતો ગયો-નીરખતો ગયો. આમ જોઈએ તો કવિતા પીડાનું શાબ્દિક અવતરણ જ છેને? અને એટલે શોષિતો, પીડિતો, આદિવાસીઓ, રંગભેદનો ભોગ બનેલા એ સૌકોઈની વાતને, જિંદગીને, પીડાઓને મેં કવિતાના ફોર્મેટમાં રહીને વાચા આપી.

*ગુજરાતી દલિત કવિતા, ગુજરાતી દલિત પત્રકારત્વ, ગાંધીજીના ધાર્મિક વિચારો* જેવા વિષયો પર સંશોધન કરનારા અશોક ચાવડા અનેક લોકોને-મિત્રોને, કવિઓને તો યશ આપે છે, પરંતુ અભિવ્યક્તિ માટેનું સૌથી મહત્ત્વનું જો કોઈ માધ્યમ રહ્યું હોય તો એ છે *બુધસભા.* અમદાવાદમાં *ગુજરાતી સાહિત્ય પરિષદ*માં ચાલતી *બુધસભા*માં ૧૯૯૬થી એ નિયમિત જતા થયા. અશોક ચાવડા કહે છે કે અગાઉ જે લખાઈ ચૂક્યું છે એનાથી દૂર રહેવા સતત કોશિશ કરું છું. કવિતા મારે મન આત્મકથા કે વ્યથા નથી, સર્વજનકથા છે. લોકોની વાત છે.

અશોક ચાવડા *કવિલોક, કુમાર* અને *ઉદ્દેશ* મૅગેઝિનના સહસંપાદક રહ્યા છે. *સાબરમતી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ, ગ્રામ દક્ષિણામૂર્તિ, ખાદી ગ્રામોદ્યોગ* જેવી સંસ્થાઓની ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ એમણે બનાવી છે તો *પાઘડી* ફિલ્મથી ગીતકાર તરીકે પણ પ્રવેશ કર્યો છે અને અન્ય ફિલ્મ માટે સંવાદલેખક તરીકે કાર્યરત છે. આ આખી સફરમાં પત્ની મધુ, પુત્રી મૈત્રી અને દીકરો હર્ષિલ પણ હમદમ-હમસફર છે એમ એ કહે છે. અશોક ચાવડા પોતાની કવિતાઓ વિશે કહે છે:

*દાદ માગી નથી કદીયે મેં, શેર મારા વિચાર માગે છે.* ■